પાલનપુરની એક શાળામાં બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો

પાલનપુરની જાણીતી વિદ્યામંદિર શૈક્ષણિક સંસ્થાની જૈન શિશુશાળામાં નાના ભૂલકાઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ખિલવવા સાથે સાથે મસ્તી ખેલ દ્વારા જુસ્સો-હોંશિયાર-ચાલાકી અને બહાદુરી જેવા ગુણો વિકસાવવા આયોજિત કરેલ 'કલ્ચરલ વિક'ની ઉજવણી દરમિયાન બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં બાળકોએ બાળગીત, સોલોડાન્સ, કોડિયા-દાંડિયા સજાવટ, માસ્ટર પર્સનાલીટી, સ્પેલિંગ, વેશભૂષા અને વક્તૃત્વ સ્પર્ધા જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ બાળકોએ ઉત્કૃષ્ટ પરફોર્મન્સ આપ્યું હતુ અને વાલીઓ તેમજ શિક્ષકોની તાળીઓ મેળવી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

મેટ્રો રેલ : રોડ કપાત મુદ્દે થલતેજમાં વિરોધ પ્રદર્શન

૪૦૦ ઘર અને ૩૦૦ દુકાન પર કોર્પોરેશનના બુલડોઝર ફરી વળશે : થલતેજમાં બંધને સારો પ્રતિસાદ મળી ગયો

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલવે માટે રોડ કપાત કરવાનો હોઈ આજે નાગરીકોમાં રોષ ફાટી નીકળ્યો છે. આ રોડ કપાતના

વિરૂદ્ધમાં આજ સવારથી જ સમગ્ર થલતેજ ગામ સજ્જડ બંધ રહ્યું હતું. મેટ્રો રેલ કોરિડોર માટે રસ્તો પહોળો કરવા ૫૦૦થી વધુ ઘરો અને દુકાનોને તોડી પાડવાના વિરોધમાં આજે થલતેજ ગામમાં સજ્જડ બંધ રાખ્યો હતો. બંધનું એલાન-થલતેજ ઘર-દુકાન બચાવ સમિતિ દ્વારા આપવામાં આવ્યું હતું અને બંધને સારો પ્રતિસાદ મળતા મ્યુનિસિપલ સત્તાધીશોમાં ફફડાટ થઈ ગયો હતો.

આ અંગે પ્રાપ્ત થતી વિગતોનુસાર મેટ્રો રેલ વિભાગ દ્વારા અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ-૧ હેઠળ થલતેજ ચાર રસ્તાથી શીલજ સુધીના હાલમાં ૪૦ ફુટનો રોડ છે જેને પહોળો કરીને ૧૨૦ ફુટનો કરવામાં આવનાર છે અને મેટ્રો રેલવેના ઈસ્ટ-વેસ્ટ કોરિડોરમાં આ રૂટનો સમાવેશ કરાયો છે. જો કે રોડની જમણી બાજુ ખુલ્લી જમીન હોવા છતાં ત્યાં માત્ર ૨૦ ફુટ પહોળો કરવામાં આવશે. અને ડાબી બાજુ મોટી સંખ્યામાં થલતેજ ગામના ઘરો અને દુકાનો તોડીને ૬૦ ફુટ પહોળો કરવામાં આવનાર હોવાથી થલતેજના લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. બપોરે થલતેજના નાગરીકો ગોવર્ધન પાર્ટી પ્લોટથી નવા પશ્ચિમ ઝોનની બોડકદેવ ખાતે આવેલ ઓફિસ સુધી એક રેલી કાઢીને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરને આવેદનપત્ર આપ્યું હતું રોડ પહોળો કરવાના વિરોધમાં ગામના લોકોએ સહી ઝુંબેશ પણ હાથ ધરી હતી. જો આ નિર્ણયનો અમલ કરવામાં આવે તો આશરે ૩૦૦ વર્ષ જુના થલતેજ ગામના ૩૦૦૦ લોકો બેઘર થઈ જાય તેવી પરિસ્થિતિ સર્જાય. તેવું થલતેજ ઘર-દુકાન બચાવ સમિતિના અધ્યક્ષ મુકેશ પંચાલે જણાવ્યું હતું. આ બાબતે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે હાલમાં રોડ ૪૦ ફુટનો છે જેને હવે ૧૨૦ ફુટનો કરવામાં આવશે. કોઈપણ વિકાસ કાર્ય થાય ત્યારે નાના-મોટો વિરોધ થતો હોય છે જો કે આમાં બંધ પાળવાની જરૂર નથી, લોકોના વાંધાસૂચનો મંગાવવામાં આવ્યા છે.

સાંપડ કાલીકા મંદિરે નવરાત્રી ઉજવાશે

પ્રાંતિજ, તા. ૨૪

પ્રાંતિજ તાલુકાના અતિપૌરાણિક શ્રી ભગવતી મહાકાલી માતાના મંદિરે નવરાત્રી પર્વની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષની જેમ આયોજકો દ્વારા માતાજીના સ્થાનકે નવરાત્રી પર્વે દરરોજ વિશેષ પૂજા-અર્ચના મહાઆરતી અને રાસ-ગરબા યોજાશે.

ભારતના મિશન મંગળ અભિયાનની સફળતા માટે ઈસરોના વૈજ્ઞાનિકોને અભિનંદન આપતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ મંગળ ગ્રહની ભ્રમણકક્ષામાં ભારતનું મંગળયાન આજે સફળતાપૂર્વક સ્થાપિત થતા ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠનના વૈજ્ઞાનિકોને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. તેમણે જણાવ્યું છે કે ભારતીય 'માર્સ ઓર્બિટર મિશન' સફળ થતા અંતરિક્ષ ક્ષેત્રમાં ભારતે નવો ઈતિહાસ સર્જ્યો છે.

અમદાવાદમાં મહિલાઓનું ૧૧મું રાષ્ટ્રીય અધિવેશન યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

મીડિયા વુમન ફોરમ ગુજરાત દ્વારા સમુહ માધ્યમોમાં કામ કરતી મહિલાઓનું ૧૧મું રાષ્ટ્રીય અધિવેશન યોજવામાં આવનાર છે.

ધ નેટવર્ક ઓફ વુમન ઈન મીડિયા ભારતનું ૧૧મું અધિવેશન તા. ૨૬ થી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન હીરક મહોત્સવ હોલ ગુજરાત વિદ્યાપીઠ આશ્રમ રોડ અમદાવાદ ખાતે તા. ૨૬ના રોજ ૫.૩૦ વાગે શુભારંભ થશે. અધિવેશનમાં ભારતભરમાંથી મોટી સંખ્યામાં પ્રતિષ્ઠિત મહિલા પત્રકારો અને મધ્યમ કર્મચારીઓ ભાગ લેશે. ૩ દિવસ ચાલનારા રાષ્ટ્રીય અધિવેશનમાં સાંપ્રત વિષય અંગે નિષ્ણાતો પોતાના વિચારો રજુ કરી છણાવટ કરશે તેમ અનિતા તન્નાએ જણાવ્યું છે.

પાલનપુરમાં આદિવાસી સંસ્કૃતિ વર્ષ ઉજવાયું

પાલનપુરની જાણીતી શૈક્ષણિક સંસ્થા વિદ્યામંદિરના જૈન શિશુ શાળામાં ચાલુ વર્ષે સતત બીજા વર્ષે આદિવાસી સંસ્કૃતિ વર્ષની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણી દ્વારા નાના બાળકો વનબંધુઓથી પરિચિત થાય અને તેમની સંસ્કૃતિને ઓળખે તે માટે પાલનપુર, દાંતા અને અમીરગઢના પર્વતો પર રહેતા આદિવાસીઓના ઘરે લઈ જઈને વિવિધ કીટનું વિતરણ કરવાવવામાં આવ્યું હતું. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

મેડીકલ-ડેન્ટલમાં ૧૫ ટકા બેઠકો ભરવા પ્રવેશ પરીક્ષા

દેશભરના તમામ શહેરોમાં એક સાથે ત્રીજી મે ૨૦૧૫ના દિવસે પરીક્ષા : અખિલ ભારતીય ક્વોટાની બેઠકો ભરાશે

અમદાવાદ, તા.૨૪

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દેશમાં આવેલી મેડીકલ અને ડેન્ટલ કોલેજોમાં અખિલ ભારતીય ક્વોટાની ૧૫ ટકા બેઠકો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ માટે પ્રી-મેડીકલ અને પ્રી-ડેન્ટલ પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા દેશના તમામ શહેરોમાં એકી સાથે તા. ૩ મે ૨૦૧૫ના રોજ યોજવામાં આવશે.

સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ માટે મેડીકલ અને ડેન્ટલ કોલેજોમાં અખિલ ભારતીય ક્વોટાની ૧૫ ટકા બેઠકો ભરવા માટે પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ પ્રવેશ પરીક્ષા તા. ૩ મે ૨૦૧૫ અને રવિવારના રોજ લેવામાં આવશે. જેમાં તમામ કેન્દ્રીય શિક્ષણ બોર્ડની શાળાઓમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ અરજી કરી શકશે. ૧૫ ટકા અખિલ ભારતીય ક્વોટાની બેઠક ઉપર પ્રવેશ પરીક્ષામાં સફળ રહેનાર ટોચના વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે. આ પરીક્ષામાં સફળ રહેતા વિદ્યાર્થીઓની કાઉન્સલીંગ ડીજીએચએસ દ્વારા આયોજીત કરવામાં આવશે. જ્યારે મેડીકલ અને ડેન્ટલની અન્ય બેઠકો ઉપર પ્રવેશ માટે કાઉન્સલીંગની પ્રક્રિયા સંબંધિત વિભાગો દ્વારા અલગથી જાહેર કરાયેલ સીધી સુચનાઓ મુજબ હાથ ધરવામાં આવશે. કાઉન્સલીંગ દરમિયાન વિદ્યાર્થીઓનાં શૈક્ષણિક પ્રમાણપત્રો તેમજ વિશિષ્ટ લાયકાતના સર્ટીફીકેટોની પણ રૂબરૂ ચકાસણી કરવામાં આવશે ત્યારબાદ પસંદ પામેલ વિદ્યાર્થીઓ મેડીકલ અને ડેન્ટલના અભ્યાસક્રમની બેઠક ઉપર પ્રવેશ ફાળવવામાં આવશે.

આજથી મહેસાણામાં નવરાત્રિ પર્વનો પ્રારંભ

નવરાત્રિ એટલે નવરાત્રિનો સમૂહ આ દિવસો અને રાત્રિઓમાં દેવી શકિત, નવદુર્ગાની પૂજાઅર્ચના ભકિત થાય છે. જેથી ગુજરાતમાં આસો સુદ-૧ થી ૯ સુધીના શકિત ઉપાસનાના પર્વ નવરાત્રિનું મહાત્મ્ય વિશેષ હોઈ નવે નવ દિવસ આ તહેવાર ઉત્સાહ, ઉમંગ અને ભકિતભાવ પૂર્વક હોંશે હોંશે દેશભરમાં ઉજવાય છે. ગુજરાત, મહારાષ્ટ્ર, બંગાળમાં નવરાત્રિનું ખાસ મહત્વ છે. પરંતુ વિદેશમાં વસતા ગુજરાતીઓ પણ નવરાત્રિ પર્વની ઉજવણી કરે છે. આદ્યશકિત માં અંબા, બહુચર, ચામુંડા, દુર્ગા, કાળી, ખોડીયાર, ભદ્રકાળી, બ્રહ્માણી, આશાપુરી, અન્નપૂર્ણા, બુટભવાની, માતંગી, ભુવનેશ્વરી, માતભવાની, ભવાની, મેલડી, ઉમિયા, હરસિધ્ધ, સંતોષી માં, અનસૂર્યા, સરસ્વતી, લક્ષ્મી, ગંગા વગેરે દેવીઓની સ્મૃતિ-પ્રાર્થના આરાધના કરવામાં આવે છે.

શૈક્ષણિક લોનમાં ૪૬ ટકાનો થયેલો વધારો

ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ માટે વધુને વધુ વિદ્યાર્થીઓ આગળ આવી રહ્યા છે. શિક્ષણ માટે લોનની માંગમાં વધારો થયો છે. વર્ષ ૨૦૧૪-૧૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં શૈક્ષણિક લોન માટેની માંગમાં બે ગણો વધારો થયો છે. ગયા વર્ષે આજ ગાળામાં જે માંગ હતી તેની સરખામણીમાં માંગમાં બે ગણો વધારો થયો છે. બેંકોએ ૨૩૧૩ વિદ્યાર્થીઓ ૪૭.૬૩ કરોડની લોન ફાળવણી એપ્રિલ-જૂન ૨૦૧૪ના ગાળા દરમિયાન કરી છે. ૨૦૧૩-૧૪માંઆજ ગાળામાં ૨૦૯૧ વિદ્યાર્થીઓ ૩૨.૮૯ કરોડની લોનની ફાળવણી કરવામાં આવી હતી. શૈક્ષણિક લોનમાં ૪૬ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો થયો છે.

સપ્તાહ આરંભાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કચેરીઓનો સ્વચ્છતા દિવસ ઉજવવામાં આવશે. આ સ્વચ્છતા અભિયાન અંતર્ગત જિલ્લાની કચેરીઓમાં કેવી કામગીરી થઇ છે, તે અંગે જિલ્લા કલેકટર શ્રી રવિશંકર કોઇ પણ જિલ્લા કચેરીની ઓચિતી મુલાકાત લેવાના છે.

તા.૦૨ ઓકટોબર, ૨૦૧૯ના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ છે. રાષ્ટ્રપિતાની ૧૫૦મી જન્મ જયંતિએ સ્વચ્છતા ત્યાં -ભુતાની અમૂલ્ય ભેટ આપવાના ઉમદા આશયથી સમગ્ર ભારતમાં સ્વચ્છ ભારત અભિયાન કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો છે. તા. ૦૨ ઓકટોબર, ૨૦૧૪થી સમગ્ર દેશ સહિત ગુજરાત રાજયમાં સ્વચ્છ ભારત અભિયાનનો આરંભ થનાર છે. આ અભિયાનને સફળ બનાવવા માટે ટુંકા, મધ્યમ અને લાંબા ગાળાના સુચારુ આયોજન કરવામાં આવશે. જે અંતર્ગત મધ્યમ ગાળાનું આયોજન બે વર્ષનું રહેશે. જેમાં ખુલ્લામાં શોચથી સંપૂર્ણ મુક્તિનું અભિયાન મહત્વનું રહેશે. તે ઉપરાંત લાંબા ગાળાનું આયોજન ૫ વર્ષનું હશે. જેમાં ઝીરો વેસ્ટ ગુજરાતને સાર્થક કરવામાં આવશે. ટુંકા ગાળાના આયોજન અંતર્ગત સ્વચ્છ ભારત સપ્તાહ, ડોર ટુ ડોર અભિયાન અને નાના મોટા રીપેરીંગ, જરૂરી રંગરોગાન, પ્લાન્ટેશન અને બ્યુટીફીકેશનનું અભિયાન હાથ પર લેવામાં આવનાર છે.

ટુંકા ગાળાના આયોજનના ભાગ રૂપે આવતીકાલ તા. ૨૫મી સપ્ટેમ્બર થી તા. ૦૨ ઓકટોબર, ૨૦૧૪ સ્વચ્છ ભારત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૨૫મી સપ્ટેમ્બર ૨૦૧૪ના દિવસે સરકારી અને અર્ધ સરકારી કચેરીઓમાં સ્વચ્છતા દિવસની ઉજવણી કરવામાં આવશે. તા. ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ આરોગ્ય સંસ્થાઓનો સ્વચ્છતા દિવસ, તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ શૈક્ષણિક સંસ્થાઓમાં સ્વચ્છતા દિવસ, તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ પોલીસ સ્ટેશન અને ગૃહ વિભાગ સ્વચ્છતા દિવસની ઉજવણી કરશે. તા. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ ે-સ કોન્ફરન્સ તેમજ તમામ ક્ષેત્રીય કચેરીઓ સાથે વિડિયો કોન્ફરન્સની વાર્તાલાપ કરશે. તા. ૦૨ ઓકટોબર, ૨૦૧૪ના રોજ સ્વચ્છ ભારત અભિયાનનો આરંભ કરાશે. તે દિવાળી સુધીમાં -ત્યેક ઘરનો સંપર્ક, શેરી સભા, મહોલ્લા સભા યોજવામાં આવશે. સાધનો, વાહનો, જુનું ફર્નિચર વગેરેનું હરાજી દ્વારા નિકાલનું, લોકો દ્વારા જુના કપડાં, રમકડાં, પુસ્તકો વગેરે નિકાલ કરવામાં આવશે, તેપૈકી ઉપયોગી વસ્તુઓ યોગ્ય લાભાર્થીઓ સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવશે.

માંગણું બાકી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોડાણકર્તાઓ પાસેથી વેરો વસુલવા હાથ ધરાયેલી ઝુંબેશના અંતે કુલ ૧.૧૯ કરોડના બાકી માંગણા સામે ૭૨ લાખ રૂપિયા વસુલવામાં આવ્યા હતા. જેમાં વર્ષો જૂના બાકી માંગણા અન્વયે રૂ. ૭ લાખની વસુલાત કરવામાં આવી હતી જો કે વસુલાત ઝુંબેશના અંતે જુના સેકટરો તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી હજુ જૂના બાકી માંગણા પેટે રૂ. ૪૭ લાખની ઉધારી તંત્રના ચોપડે છે. બાકીદારો પાસેથી વસુલાત ભરપાઈ કરાવવા માટે તંત્ર દ્વારા નોટીસ આપવાનું શરુ કરી દેવાયું છે. બાકીદારોને નોટીસ આપી બાકી વેરો વસુલવા અભિયાન હાથ ધરાયું છે.

ગરબા મહોત્સવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત વી.આઈ.પી. વિભાગ માટે ખાણીપીણીના ૧૩ સ્ટોલ ઉપરાંત જનરલમાં ૪ સ્ટોલ ઉભા કરાયા છે. લાયન્સ એન્ડ લાયોનેસ ક્લબ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવના આયોજનને સફળ બનાવવા ઓર્ગેનાઈઝીંગ કમિટીના હરીશ ત્રિવેદી, અરૂણ પટેલ, એલ.કે. વાઘેલા, કે.પી. પ્રજાપતિ, રૂચિર ભટ્ટ તેમજ લાયન્સ પ્રમુખ જસવંતસિંહ રહેવર ઉપરાંત લાયોનેસ પ્રમુખ ચંદાબેન યાદવ જહેમત ઉઠાવી રહ્યા છે.

શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર કાન્તદૃષ્ટા શ્રી મુકતજીવન સ્વામીબાપાના જીવન પાસા હીરાની જેમ ઝળકે છે, તેઓશ્રીએ મહીલાના સર્વાંગી વિકાસ માટેના જે મંડાણ માંડયા તે પછી અનેક રચનાત્મક કાર્યો કર્યા. આજે જે રક્ષણ સિપાઈઓ તેમજ પદાધિકારીઓ કરી રહ્યા છે તેઓને શ્રી મુકતજીવન સ્વામીબાપાના ૧૦૭મા પ્રાગટય દિને પ્રોત્સાહિત તેમજ અન્ય અનુકરણીય કામગીરી કરેલ તેવી દીકરીઓને તેમજ ડૉ. કાનન દેસાઈ, આસી. કમિશનર ઓફ પોલીસ, પ્રો. એસ.એન. વાયા, ડાયરેકટર રીસર્ચ, રક્ષાશકિત યુનિવર્સિટી, નિતી મિત્તલ, ડેપ્યુટી કમાન્ડર, જીઆઈએસએફ, પ્રો. રંજના હરિશ, ગુજરાત યુનિવર્સિટી વુમન ડેવલપમેન્ટ સેલના સ્થાપક વગેરેને પણ પ્રોત્સાહિત કરવા માટે શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના અધ્યક્ષસ્થાને શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

રાસ-ગરબાની રમઝટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે પાર્ટીપ્લોટના ગરબા ઉપરાંત સેક્ટરોમાં શેરી ગરબાની રંગત પણ જામશે. ગરબેઘુમવા નવયૌવન થનગની રહ્યું છે. વૈવિધ્યસભર ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ થઈ ગરબે ઘુમવા આતુર ખેલૈયાઓની ઈન્તજારીનો અંત આવતા ગરબા પ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવરાતના દિવસો પૂર્વે અષાઢી વાદળો હટી જતા ફેવરેબલ વાતાવરણના લીધે નગરજનોનો ઉત્સાહ બેવડાયો છે. ગરબા મહોત્સવ દરમિયાન સમયની પાબંધી અને શિસ્ત તેમજ સુરક્ષા જળવાઈ રહે તે અંગે પણ આયોજકો દ્વારા જરૂરી વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. નવરાતના પ્રારંભ ટાણે નગરના બજારોમાં પણ ભાવિકોની ભીડ જોવા મળી રહી છે. માતાજીની પૂજા-અર્ચના માટે પૂજાપો, ચુંદડી સહીતની ચીજવસ્તુઓ ખરીદવા ભાવિકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આજથી નવરાતનો પ્રારંભ થતા સાંજ ઢળતા જ રોશનીની ઝાકમઝોળ વચ્ચે ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ખેલૈયાઓ ગરબે ઘુમતા જોવા મળશે.

...સહાય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચેરમેનશ્રી અશોકભાઈ ભાવસાર અને ગુડાના વહીવટીય અધિકારી ડી. થારાએ સ્વીકાર્યો હતો. ગુડા દ્વારા ગુડા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી આંતર માળખાકીય સુવિધાના કામો મોટા પાયે હાથ ધરવામાં આવ્યા છે. ગુડા તેના વિસ્તારમાં ૨૪x૭ પાણીની સુવિધા, ઘન કચરાના નિકાલની વ્યવસ્થા તેમજ ભૂગર્ભ ગટરના કામો કરી રહી છે. ગુડા વિસ્તારમાં આંતર માળખાકીય સુવિધાઓના વિકાસને વધુ વેગીલો આ અનુદાન પ્રાપ્ત થતાં મળશે. ગાંધીનર શહેરને એક જ કાર્યક્રમમાં ૩૯ કરોડ જેટલી માતબર રકમ મળતાં શહેરમા આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

આજે પણ વ્યથિત..● અનુસંધાન પહેલાનું ચાલુ

ને સોસાયટીને ચોખ્ખી બનાવીએ. મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે વોર્ડના પ્રવાસમાં કે શહેરની મુલાકાતમાં પ્રાથમિક શાળા, આરોગ્ય કેન્દ્રની મુલાકાતનો સમાવેશ કરો અને તે સંકુલોને સ્વચ્છ બનાવીએ.

મકાનો નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસના શાસનમાં કાર્યરત ગુજરાત હાઉસીંગ બોર્ડને મૃતઃપાય કરી દેવામાં આવ્યું અને વારંવાર રજુઆત થતાં અંતે ભાજપ સરકાર દ્વારા બિલ્ડરોના લાભાર્થી મોંઘા મકાનોના ડ્રોમાં પણ ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો.

ગુજરાતમાં ભાજપ શાસકો શહેરી નાગરીકો માટે પાયાની સુવિધા આપવામાં નિષ્ફળ ગયા છે. તેની વિસ્તૃત હકીકતો સેન્સસ-૨૦૧૧ના આધારે ઉજાગર કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતના આઠ મહાનગરો અને ૧૫૯ નગરપાલિકાઓમાંથી ૩૧ ટકા કરતાં વધુ પરિવારોને નળ દ્વારા પીવાનું પાણી મળતું નથી. ૧૦ ટકા વધુ પરિવારોને વિજળી ઉપલબ્ધ નથી.

નવરાત્રિ કાઉન્ટ-ડાઉન.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દુકાનોએ લોકો પહોંચી ગયા છે તો તાજા અને ખુશ્બુદાર ગુલાબ કે અન્ય ફુલોના હાર અને છુટા ફુલોની ખરીદી સાથે નવ દિવસ નવો જ હાર પહેરાવવા બુકિંગ કરાવી દીધા છે. આમ માતાજીના આ નવરાત્રી પર્વમાં આરાધના, ઉપાસના અને અનુષ્ઠાન સહિત ગરબે ઘુમવા થનગની રહેલા શ્રધ્ધાળુઓ નવરાત્રીની તૈયારીની પરાકાષ્ઠાએ પહોંચી ગયા છે અને આજે શુભ મુહુર્તમાં આદ્યશકિતના ઘટ સ્થાપન સાથે નવલા નોરતાનો મંગલ પ્રારંભ થશે.

સ્વરૂપ બદલાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચેક એનાયત કરવાના યોજાયેલ કાર્યક્રમમાં બોલતાં મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે જણાવ્યુ હતુ કે શહેરીકરણની સમસ્યાનો પડકાર મોટો છે. આ પડકારને સરકારે અવસર તરીકે સ્વીકારી અને ઉપાડ્યો છે. આંતર માળખાકીય વિકાસના કામો ટુકડામાં નહિ કરવાની અપીલ કરતાં તેમણે કહ્યું હતું કે સાર્વત્રિક અને સામુહિક વિકાસના કામોને અગ્રતા આપો ભલે એક જ કામ કરો.

ગરીબ કલ્યાણ મેળાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતુ કે રાજ્યમાં હાલ ગરીબ કલ્યાણ મેળાઓ ચાલી રહ્યા છે. આ કાર્યક્રમ માટે શુ બદલાવ જરૂરી છે તો તમે સુચનો આપો? કેવો બદલાવ હોવો જોઈએ? આ વાતનો સુંદર પ્રતિસાદ સરકારને મળ્યો છે. તેમણે કહ્યું હતુ કે ખુબ મોટી સંખ્યામાં સૂચનો મળ્યા છે અને મેં તે ચકાસી જવા મંત્રીઓ તેમજ અધિકારીઓને સૂચવ્યુ છે. જે પૈકીના ઘણા બધા સૂચનોનો અમલ હવે તમને ગરીબ કલ્યાણ મેળામાં જોવા મળશે.

ગરીબ કલ્યાણ મેળાનું સ્વરૂપ બદલાશે. રાજ્ય સરકારે અત્યાર સુધીમાં સાત તબક્કામાં ગરીબ કલ્યાણ મેળાઓ યોજ્યા છે. તેમણે જણાવ્યુ હતુ કે શહેરી વિકાસ માટે રાજ્યની સ્થાપના બાદ ભાજપ સરકારે જે કામો હાથ ધર્યા છે તે એક વિક્રમ સમાન છે. તેમણે ગામડાઓને તુટતા બચાવવા માટે ગામડાઓમાં પણ શહેર જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી ગામડાઓમાંથી થતા સ્થળાંતરને અટકાવવાનુ છે અને સરકારે તે દિશામાં સૌને સાથે રાખી આગળ વધવા માટેના ડગ પણ ભર્યા છે. ૨૦૩૦ માં રાજ્યની ૬૨ ટકા વસ્તી શહેરોમાં વસ્તી હશે. આ સમસ્યાને પહોંચી વળવા માટે આંતર માળખાકીય સુવિધાના કામો પર ભાર મુકવામાં આવી રહ્યો છે.

શબ્દાવલી - ૫૫૧૪

૧	૨		૩	૪	■	૫	
૬		■	૭			૮	■
૯		૧૦	■	■		■	૧૧
	■			૧૨			
	■		■	■	■	■	
■	૧૩		૧૪	૧૫	■	૧૬	
૧૭		■	૧૮		૧૯		
૨૦			■	■		■	

આડી ચાવી

૧. સાધારણ લોકો, નાગરિકો (૫)
૫. ઉપકાર (૨)
૬. ... આવી જવું, ગળે આવી જવું (૨)
૭. પતિ, સાજન (૪)
૯. એક શાક (૩)
૧૨. ધામ, ગરમી (૪)
૧૩. ધારણા કરવી, ... કરવી(૪)
૧૬. તમે - માનવાચક (૨)
૧૭. છુટ્ટી, રવિવારની.... (૨)
૧૮. ખળભળી જવું (૫)
૨૦. ઘરેણું (૩)

ઊભી ચાવી

૧. આવવું અને જવું તે (૫)
૨. રસ્તો, પંથ (૩)
૩. આકાશ, નીલ (૨)
૪. ટેલિગ્રામ, વિજળીથી મોકલાતો સંદેશો (૨)
૫. અંત, પુરૂં કરવું, ... લાવવો(૨)
૮. દેવસ્થાન (૩)
૧૦. દેવતાઓને ઇચ્છિત વસ્તુ આપનારી ગાય (૪)
૧૧. ... કરવું, વ્યર્થ હચનચલન કરવું (૬)
૧૩. જાણતું ના હોય તેવું, વાકેફ ના હોવું (૩)
૧૪. ... અને મચ્છર ગંદકી સાથે રોગ ફેલાવો (૨)
૧૫. પાણીની ચકલી (૨)
૧૬. લીલા-ભીના જરા અડકવાથી દુઃખે તેવા (૨)
૧૭. ધૂળનો નાનો કણ (૨)
૧૯. ડર, બીક (૨)

શબ્દાવલી ૫૫૧૩ના જવાબ

આડી ચાવી :- (૧) બાજુબંધ (૩) નીવેડો (૫) ડશિયલ (૭) કપોલકલ્પિત (૧૧) લાતન (૧૨) કટ (૧૩) ધાણ (૧૪) અઢળક (૧૫) નમક (૧૬) મેસુર (૧૭) રથ (૧૯) કલંક

ઊભી ચાવી :- (૧) બારીક (૨) ધડકન (૩) નીયત (૪) વેલ (૬) શિલ્પી (૮) પોલાણ (૯) લત (૧૦) કટક (૧૨) કળતર (૧૩) ઘાલમેલ (૧૪) અકર્મત (૧૫) નરક (૧૮) થડો